# શહેરમાં મોસમની રેકર્ડ બ્રેક ગરમી

**આકાશમાંથી અંગારા વરસતા ચામડીને દાહ આપતી ગરમીથી બચવા માટે નગરજનો દિવસ દરમિયાન ઘરમાં પુરાયેલા રહ્યા : શહેરનુ જનજીવન ગરમીની અસરથી પ્રભાવિત : છેલ્લા ત્રણ દિવસથી ૪૧ ડીગ્રી આસપાસ રહેતો ગરમીનો પારો આજે ૧.૨ ડીગ્રી ઉંચકાતા મહત્તમ ગરમી નોંધાઇ**



ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં આજે દિવસ દરમિયાન આકાશમાંથી અંગારા વરસ્યા હતા. ગરમીનો પારો ૧.૨ ડીગ્રી ઉંચકાયો હતો. મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રીએ પહોંચી જતા સિઝનની અત્યાર સુધીની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઇ હતી. આકરી ગરમીની અસર સવારથી જ વર્તાતી હતી. દિવસ જતા ગરમી વધુ ઉગ્ર બનતા બપોરના સમયે ચામડીના દાહ થઈ જાય તેવા તાપમાં નગરજનો શેકાયા હતા. અંગ દઝાડતી ગરમીથી જનજીવન પર વિશેષ અસર વર્તાઈ હતી. બપોરના સમયે સેકટરોની શેરીઓમાં સન્નાટો છવાયો હતો જયારે સરકારી કચેરીઓમાં પણ રીસેષ સમયે સુનકાર જોવા મળ્યો હતો. ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ

## મહત્તમ તાપમાન ૪૩ ડીગ્રી

કરતા શહેરીજનો દિવસ દરમિયાન કામ સિવાય હવે ઘરની બહાર જવાનુ પસંદ કરતા નથી. દિનભર ગરમીથી બચવા ઠંડા ઠંડા કુલ કુલ થવાના પ્રયાસમાં સતત વ્યસ્ત રહે છે.

ગાંધીનગરમાં ચૈત્ર નવરાતના દિવસોમાં ગરમીએ પણ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. ચૈત્ર મહીનામાં આકાશમાંથી અંગારા વરસી રહ્યા છે. આગ ઓકતી ગરમીના લીધે નગરનુ જનજીવન સુન્ન પડી ગયુ છે. આજે ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૧.૨ ડીગ્રી ઉંચકાયો હતો છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો મિજાજ ધીમે ધીમે ઉગ્ર બની રહ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો ૪૦ ડીગ્રી ઉપર રહેતા નગરજનો આકરી ગરમીમાં શેકાઈ રહ્યા છે. જયારે છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાન પણ ૪૧ ડીગ્રી ઉપર જ હોવાથી ગરમી અસહ્ય બની હતી. છેલ્લા કેટલાક સમયથી ગરમીનો પારો આમ પણ ઉગ્ર છે. ત્યારે આજે અચાનક જ મહત્તમ તાપમાન ૧ ડીગ્રી થી વધુ ઉપર આવ્યુ હતુ જેના લીધે દિવસ દરમિયાન આકરા હીટવેવથી શહેરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ દિવસ દરમિયન નગરજનો ગરમીથી બચવા માટે ટોપી, ચશ્મા અને મોં પર રૂમાલ બાંધીને જતા નજરે પડતા હતા. બપોરના સમયે શહેરના શોપિંગ બજારમાં પણ ગરમીની અસરથી સુનકાર જોવા મળ્યો હતો. મહત્તમ તાપમાન એકબાજુ ઉપર આવ્યુ છે. ત્યારે ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ૨.૫ ડીગ્રી ગગડયુ છે. અલબત્ત રાત્રિના તાપમાન ઘટતા મોડી રાતે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. શહેરમાં આ વર્ષે માર્ચ મહીનામાં જ ગરમીએ

● અનુસંધાન પાન-૭ પર

## ડેમેજ કંટ્રોલ : સંગઠન અને ચૂંટાયેલી પાંખ ખભેખભા મિલાવી કામ કરે

**તંત્રની ઉદાસીનતા માટે જવાબદારો સામે પ્રમુખ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્યો અને જિલ્લા સંગઠનના મોભીઓની આજે મળેલ બેઠકમાં સભ્યોને આવી રહેલી ચૂંટણીને લઈ કામે લાગવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

ખાસ કરીને પેજપ્રમુખો તેમજ ભીંત ચિત્રો માટેની જે કામગીરી બાકી છે તે ઝડપથી પૂર્ણ કરવા જણાવવામાં આવ્યુ છે.

જિલ્લાના પ્રભારી ડૉ. હર્ષદભાઈ પટેલ અને મહામંત્રી રમણભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં મળેલ બેઠકમાં સભ્યોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. જિલ્લા પંચાયતમાં પણ સભ્યોને સાથે મળી કામ કરવા તેમજ જિલ્લામાં ચાલી રહેલા વિકાસના કામો તેની સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા માટે ભાર મુકવામાં આવ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી સામેની સભ્યોની રજુઆતો પણ તેમણે સાંભળી હતી. જોકે તેમણે જણાવ્યુ હતુ કે તંત્ર સાથેના મનમોટાવમાં પ્રજાભિમુખ રહેવાનો અભિગમ ભુલાય નહિ તે પણ એટલુ જ મહત્વનું છે. ડૉ. હર્ષદભાઈ પટેલ અને રમણભાઈ દેસાઈએ સંગઠન અને ચૂંટાયેલી પાંખ એ વિકાસની ગતિના બે પૈડા છે એટલે એકમાં પણ ક્ષતિ થાય તે યોગ્ય નથી.

તેમણે સભ્યોને વિવાદોથી પર રહી અને વિકાસને ગતિશીલ બનાવવો જોઈએ. એક ટીમ તરીકે સૌ સાથે મળી અને સંગઠન અને ચૂંટાયેલી પાંખ કામ કરે તે ખુબ જરૂરી છે.

વિધાનસભાની આવી રહેલી ચૂંટણીને પગલે પેજ સમિતિઓની રચનાની કામગીરી ૯૫ ટકા જેટલી સંપન્ન થઈ છે ત્યારે સૌ સાથે મળી આ કામગીરી ઝડપથી પુરી કરીએ. તંત્રની ઉદાસીનતા હશે તો પ્રમુખે તે માટે જરૂરી કાર્યવાહી કરશે જ તેવી હૈયાધારણ પણ સભ્યોને આપવામાં આવી હતી.

જિલ્લામાં આયુષ્યમાન કાર્ડની કામગીરીને વેગીલી બનાવવા પર પણ ભાર મુકવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયતમાં ડેમેજ કંટ્રોલની કામગીરીની આજે પ્રાથમિક કવાયતો આ બેઠકમાં થઈ હતી. જો કે આ અંગેની વિગતો જાણવા મળી શકી નથી.

## જિલ્લાના આરોગ્યતંત્રમાં ધરખમ ફેરફારો થયા

**સરકારે ૪૦ થી વધુ તબીબી અધિકારીઓની બદલીના હુકમો કર્યા : જિલ્લામાં ૧૧ તબીબોની જગ્યાઓ પર નિયુક્તી થઈ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના આરોગ્યતંત્રમાં મોટાપાયે ફેરફારો કરવામાં આવ્યા છે. જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી (ઈન્ચાર્જ) ધર્મેશ પરીખને ક્વોલીટી એસ્યોરન્સ મેડીકલ ઓફિસર તરીકે તેમજ ઉનાવા પ્રા.આ. કેન્દ્રના ડૉ. મુકેશ પટેલને જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે.

જિલ્લામાં આરોગ્યક્ષેત્રે મોટા ફેરફારો થયા છે. દહેગામ તાલુકા આરોગ્ય અધિકારી તરીકે જીજ્ઞેશ અસારીને મુકવામાં આવ્યા છે તો દહેગામ અર્બન હેલ્થ ઓફિસર તરીકે ડૉ. સકસેનાને મુકવામાં આવ્યા છે. દેવ.ના મુવાડામાં ડૉ. અંકિતા લિંબતને નિયુક્ત કરવામાં આવ્યા છે.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ૪૦ જેટલા તબીબી અધિકારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે. જેમાં ૪ જેટલા તબીબોને ગાંધીનગર સિવિલમાં તેમજ જિલ્લાના તબીબી અધિકારીઓને અન્ય કેન્દ્રો પર ખસેડવામાં આવ્યા છે. નારદીપુર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં બે તબીબી અધિકારીઓની બદલીથી જગ્યા ભરવામાં આવી છે જયારે ત્યાં ફરજ બજાવતા કોશા બ્રહ્મભટ્ટને ડિંગુચા મુકવામાં આવ્યા છે.

## પાણી-ગટર વેરા વસુલાતની કામગીરી હવે આગામી વર્ષે ઓનલાઇન થઈ જશે

**એન આઇ સી એ સોફ્ટવેર અને એપ્લીકેશન તૈયાર કરી દીધા : વેરા વસુલાતની કામગીરી અસરકારક બનશે**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં પાણી ગટર વેરા વસુલાત અન્વયે માર્ચ મહીનામાં ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે ઝુંબેશના અંતે પણ માંડ ૪૫ ટકા જેટલી જ વસુલાત થઈ શકે છે વળતરનો લાભ આપવામાં આવતો હોવાછતા જોડાણકર્તાઓ વેરો ચુકવવામા ઉદાસીનતા સેવી રહ્યા છે. ત્યારે પાણી ગટર વેરાની ચુકવણી માટે ઓનલાઈન વ્યવસ્થા ગોઠવાય તે દીશામાં પણ આયોજન કરી દેવાયુ છે. એન આઈ સી એ આ માટે સોફટવેર અને એપ્લીકેશન તૈયાર કરી દીધા છે. આગામી વર્ષે હવે જોડાણકર્તાઓ ઓનલાઈન વેરો ચુકવી શકે તે માટે તૈયારી કરી દેવામાં આવી છે.

ઓનલાઈન યુગના સમયમાં સઘળુ આંગળીના ટેરવે થઈ રહ્યુ છે. મોબાઈલ પરથી ઘરે બેઠા બેઠા આર્થિક વ્યવહારો કરી કામ નિપટાવી લેવામાં આવે છે. ત્યારે વિજળીનુ બીલ , ગેસ બિલ તેમજ ટેલિફોન અને મોબાઈલ બિલની રકમ પણ ઓનલાઈન ચુકવી દેવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી સરકાર દ્વારા વસુલવામાં આવતો પાણી ગટર વેરાની પ્રક્રીયા ઓનલાઈન થઈ શકી નથી જેના લીધે આજે પણ આકરી ગરમીમાં તંત્રની કચેરીએ આમ નાગરિકો વેરો ચુકવવા આવે છે. અલબત્ત વ્યવસ્થાના અભાવે જોડાણકર્તાઓએ વેરો ચુકવવા માટે ફરજિયાત ધકક્કો ખાવો પડે છે. ત્યારે પાણી ગટર વેરાની પણ ઓનલાઈન વસુલાત થાય તે માટે સરકારી સંસ્થા એન આઈ સી સાથે બેઠકો કરી આયોજન કરી દેવાયુ છે. એન આઈ સી એ આ માટે જરૂરી સોફટવેર અને એપ્લીકેશન પણ તૈયાર કરી દીધા છે. જયારે ચાલુ વર્ષે વસુલાતની કામગીરી પુર્ણતાના આરે છે પરંતુ આગામી વર્ષે ઓનલાઈન વેરો ચુકવી શકાય તે મુજબની પ્રક્રીયા હાથ ધરવા માટે તૈયારીઓ કરી દેવામાં આવી છે. જોડાણકર્તાઓ ઓનલાઈન વેરો ચુકવી શકે તે માટે આ ઓનલાઈન સુવિધાનો અમલ શરૂ કરી દેવાશે. શહેરમાં અંદાજિત

● અનુસંધાન પાન-૭ પર

## ધો -૧૨ ગુજરાતી ભાષાની પરીક્ષામાં ૧૬૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

**ધો -૧૨ માં પણ અંગ્રેજી દ્વિતિય ભાષામાં ૩૨ની હાજરી ઘટી : પરીક્ષા દરમિયાન આજે એક પણ કોપી કેસ નોંધાયો નથી**

ગાંધીનગર તા ૭

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષા અન્વયે આજે ધો -૧૨ માં ગુજરાતી દ્રીતિય ભાષાની પરીક્ષા લેવામાં આવી હતી જિલ્લામાંથી આ વિષયની પરીક્ષા અન્વયે નોંધાયેલા કુલ ૧૧૮૮૬ વિદ્યાર્થી પૈકી ૧૧૭૨૦ એ પરીક્ષા આપી હતી જયારે ૧૬૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જિલ્લામાં પરીક્ષા દરમિયાન આજે એક પણ કોપી કેસ નોંધાયો ન હતો અત્યાર સુધી ધો -૧૦ માં દહેગામના રખિયાલ ખાતે એક જ પરીક્ષા કેન્દ્ર પર કોપી કેસ દાખલ કરવામાં આવ્યો છે.

કોરોના કાળમાં બે વર્ષના અંતે બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે ધો -૧૦ અને ૧૨માં બોર્ડની પરીક્ષા આખરી તબક્કામાં ચાલી રહી છે. અલબત્ત અત્યાર સુધી મોટાભાગના મહત્વના વિષયોની પરીક્ષા પુર્ણ થઈ ગઈ છે. જયારે હવે માત્રા ભાષાના વિષયોની બાકી પેપરો વિદ્યાર્થીઓ આપી રહ્યા છે. આજે ધો -૧૨ માં ગુજરાતી દ્વિતિય ભાષાની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી જેમાં જિલ્લામાંથી કુલ ૧૧૮૮૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જયારે ૧૬૬ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. દ્વિતિય ભાષાનુ પેપર એકંદરે સરળ રહ્યુ હતુ. ધો -૧૨ માં અત્યાર સુધી એક પણ કોપી કેસ નોંધાયો નથી જયારે ધો -૧૦ માં સમાજ વિજ્ઞાનના પેપરમાં એક કોપી કેસ નોંધાયો હતો દહેગામ તાલુકાના રખિયાલના પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થી પાસેથી કાપલી પકડાઇ હતી. કોરોના કાળમાં ગત વર્ષે બોર્ડ પરીક્ષા લેવામાં આવી ન હતી જયારે હાલ એકબાજુ ગરમી વધી રહી છે. ત્યારે બોર્ડના પરીક્ષાર્થીઓ પણ વિશેષ પ્રભાવિત થયા છે. જો કે હવે મોટાભાગના પેપરો પુર્ણ થઈ ગયા છે. ત્યારે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ જે ઈ ઈ સહીતની પરીક્ષાની તૈયારી માટે પણ સજ્જ થઈ ગયા છે. ધો -૧૨ ઉપરાંત ધો -૧૦ માં આજે અંગ્રેજી દ્વિતિય ભાષાનુ પેપર હતુ જેમાં કુલ ૩૬૭૩ વિદ્યાર્થીઓએ આ વિષયની પરીક્ષા આપી હતી. જયારે ૩૨ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જયારે હવ હિન્દી દ્વિતિય ભાષા સહીત ધો -૧૨ માં ચિત્ર પ્રાયોગિક, રાજયશાસ્ત્ર ઉપરાંત વિજ્ઞાન પ્રવાહમાં ગુજરાતી હીન્દી સહીતની અન્ય ભાષાના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે.



ઉનાળાની ઋતુ એટલે કેરી ખાવાની સિઝન. ઉનાળામાં પાકી કેરી તો બધે ખુબ જ શોખથી ખવાય છે. પાકી કેરીની સાથો સાથ કાચી કેરી ખાવાથી પણ ખુબ ફાયદા થાય છે. ઉનાળો શરૂ થાય અને કાચી કેરીનું બજારોમાં આગમન થાય તે સાથે જ તેની વાનગીઓનું સેવન શરૂ થઈ જાય છે. કાચી કેરી સ્વાસ્થ્ય માટે ખુબ ફાયદાકારક છે. તે હીટ સ્ટ્રોકથી બચાવ કરે છે. એટલે કે આકરી ગરમીમાં તે લુ થી રક્ષણ આપે છે. આ ઉપરાંત તેના અનેક ફાયદાઓ હોઈ કાચી કેરી બજારોમાં સારા એવા પ્રમાણમાં વેચાઈ રહી છે.

## સરગાસણ રહેતી વિદ્યાર્થીનીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. બે દિવસ બાદ આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો કોઈ નવો કેસ નોંધાયો નથી. ગાંધીનગર શહેરમાં સરગાસણ રહેતી એક ૨૦ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીની તેના અભ્યાસ માટે રોજ અમદાવાદ જતી-આવતી હોવાનું જાણવા મળેલ છે. આ વિદ્યાર્થીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

આજે નોંધાયેલ આ કેસ સાથે ગાંધીનગર શહેરમાં ૬ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેર-જિલ્લામાં કોરોનાના નોંધાઈ રહેલ છુટાછવાયા કેસોને પગલે તંત્રએ સઘન સર્વેલન્સ કરવા સાથે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા પણ જણાવ્યુ છે. તંત્રએ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ ફરજીયાત માસ્કના નિયમની અમલવારી માટે પણ સૌને તાકીદ કરી છે.

## આલમપુર માર્કેટ પાસે દુકાનોનુ બાંધકામ દુર કરવાના મામલે હાઈકોર્ટમાં પીટીશન

**બિલ્ડરે ગુડા પાસેથી બી યુ પરવાનગી લીધા વિના જ દુકાનો તાંણી બાંધતા ગુડાએ દબાણ દુર કરવા બિલ્ડરને નોટીસ આપી**

ગાંધીનગર તા ૭

આલમપુરમાં ગુડા પાસેથી પ્લાન પાસ કરાવ્યા વિના તેમજ બી યુ પરવાનગી લીધા વિના જ બિલ્ડરે વેપારીઓને ખોટા દસ્તાવેજ કરી દુકાનો વેચાણ આપી દીધી હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જેના લીધે દયાજનક સ્થિતિમાં મુકાયેલા વેપારીઓએ વકીલ મારફતે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી છે. જયારે આ દુકાનો સંદર્ભે દબાણ દુર કરવા ગુડાએ બિલ્ડરને નોટીસ પણ આપી છે. ત્યારે સમગ્ર સ્થિતિમાં ભીંસમાં મુકાયેલા વેપારીઓએ દુકાનોનુ બાંધકામ દુર ન કરવામાં આવે તેમજ રેગ્યુલરાઈઝ કરવા માટે હવે કોર્ટ રાહે લડત શરૂ થઈ છે.

જિલ્લાના આલમપુર ગામમાં સર્વે નં ૨૪૧ અને ૨૨૭ ની જમીનમાં એન એ કરી પંચાયતની રજા ચિઠ્ઠી મેળવી બિલ્ડર દ્વારા ૧૨૫ દુકાનો બાંધવામાં આવી હતી જયારે બિલ્ડરોએ દુકાનો બનાવી મધ્યમવર્ગના વેપારીઓને આ દુકાનો વેચાણ દસ્તાવેજ કરી આપી હતી. જયારે બિલ્ડરે આ અન્વયે ગુડામાં પ્લાન પાસ કરાવવા તેમજ બી યુ પરવાનગી માટે કરેલી અરજી ગુડાએ નામંજુર કરી હતી. જયારે આ મામલે દુકાન માલિકો પણ અજાણ હતા. જયારે આ દુકાનો ખરીદવામાં ૩૫ થી વધુ આર્મિના પુર્વ જવાનોનો પણ સમાવેશ થાય છે. જયારે બિલ્ડર દ્વારા ગેરકાયદેસર રીતે દુકાનોનો દસ્તાવેજ કરી આપી દેવાયો હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી. બીજીતરફ ગુડા દ્વારા બિલ્ડરને આ દબાણ દુર કરવા માટે પણ નોટીસ આપવામાં આવી છે. જયારે આ અંગે વેપારીઓને જાણ થતા આખરે વેપારીઓએ વકીલ અશ્વિન ત્રિવેદી મારફતે હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરી છે. જેમાં દબાણ દુર ન કરવા માટે દાદ માંગી છે. ગુડાએ દુકાન માલિકોને નોટીસ આપી નથી જયારે બિલ્ડરોએ વેપારીઓને અંધારામાં રાખી છેતરપિંડી કરી છે. આ મામલે મુખ્યમંત્રીને પણ રજુઆત કરવામાં આવી હતી. આ સ્થિતિ વચ્ચે વેપારીઓના જીવ તાળવે ચોંટયા છે. આવા સંજોગોમાં દુકાનો તુટે તો વેપારીઓની રોજગારી છીનવાઈ જાય તેમ છે. કુંટુબના ભરણપોષણનો પ્રશ્ન પણ ઉભો થાય તેવી સ્થિતિ છે. પાડાના વાંકે પખાલીને ડામ જેવી સ્થિતિને નિવારવા માટે બાંધકામનો રેગ્યુલરાઈઝ કરવા માટે પણ આલમપુર એગ્રોબેઝ વેપારી સંકુલ ઓનર્સ એસોસિએશને માંગણી કરી છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com